કોટનના વાયદામાં સપ્તાહ દરમિયાન ગાંસડીદીઠ રૂ.૧,૫૨૦નો કડાકો

સપ્તાહ દરમિયાન ચાંદીનો વાયદો રૂ.૧,૦૫૪ તૂટ્યો : સોનામાં રૂ.૯૯નો સુધારો નોંધાયો

મુંબઈ, તા.૨૭

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૯ થી ૨૫ ઓગસ્ટના સપ્તાહ દરમિયાન ૩૦,૯૭,૧૧૦ સોદાઓમાં કુલ રૂ.૨,૬૫,૨૯૦.૮૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૧૫૩૩૨.૨૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૪૯૪૯૧.૦૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૨૭,૩૪૯ સોદાઓમાં કુલ રૂ.૪૫,૭૦૩.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૧,૫૨૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૮૪૬ અને નીચામાં રૂ.૫૦,૯૭૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૯૯ વધી રૂ.૫૧,૭૦૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૦૧ વધી રૂ.૪૧,૬૬૯ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૫,૧૩૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૬૯૭ના ભાવે ખૂલી, રૂ.૧૪ ઘટી રૂ.૫૧,૬૨૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૬,૦૩૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૬,૨૦૫ અને નીચામાં રૂ.૫૪,૪૭૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ. ૧૦૫૪ ઘટી રૂ.૫૫,૩૮૯ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ. ૧૩૯૮ [illegible] રૂ.૫૫,૭૯૪ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૨૯ ઘટી રૂ.૫૫,૭૮૨ બંધ થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૧૫૩૩૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૪૯૪૯૧ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૪૬૮ કરોડનાં કામકાજ

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૧૮,૩૦૬ સોદાઓમાં રૂ.૧૯,૦૫૯.૫૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૪૦ ઘટી રૂ.૨૧૦.૪૦ અને જસત ઓગસ્ટ વાયદો રૂ.૨.૭૦ વધી રૂ.૩૧૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪.૭૫ વધી રૂ.૬૭૫.૫૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨.૩૫ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫,૧૬,૩૦૪ સોદાઓમાં કુલ રૂ.૫૦,૧૧૮.૩૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૨૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૬૫૮ અને નીચામાં રૂ.૬,૯૨૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૨૦૧ વધી રૂ.૭,૪૭૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧૦ વધી રૂ.૭૪૫.૫૦ બંધ થયો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫,૫૬૦ સોદાઓમાં રૂ.૪૫૧.૩૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓગસ્ટ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૫૦,૫૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૦૯૦ અને નીચામાં રૂ.૪૮,૯૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૫૨૦ ઘટી રૂ.૪૯,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૭૦ ઘટી રૂ.૯૬૩.૮૦ થયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬,૩૪૪.૭૨ કરોડનાં ૩૧,૭૭૫.૧૬૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨૯,૩૫૮.૩૮ કરોડનાં ૫,૨૪૮.૨૪૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૬,૪૯૭.૧૨ કરોડનાં ૨,૨૪,૨૮,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૩૩,૬૨૧ કરોડનાં ૪૪૫૩૭૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૪૭.૧૬ કરોડનાં ૮૪૨૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૦૪.૧૬ કરોડનાં ૧૦૬૮.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં. [illegible] ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૩૭.૮૯૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૧૩૧.૯૦૬ ટન, ક્રૂડ તેલમાં ૫૧૪૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૦૭૧૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૮૧૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૮૯.૪ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૪૬૭.૫૧ કરોડનાં ૬,૬૨૭ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૧૮૭ના સ્તરે ખૂલી, ૨૯ પોઈન્ટ ઘટી ૧૪,૧૮૮ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧,૪૯,૪૯૧.૦૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૮૬૯.૬૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૮૦૨.૦૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૮,૪૦૩.૭૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૩,૪૦૯.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

સોનાના ઉંચા ભાવથી ટ્રેન્ડ બદલાયો

તહેવારોની સિઝનમાં લાઈટ વેઈટ જ્વેલરીની ડિમાન્ડ વધી શકે છે

નવી દિલ્હી, તા.૨૭

બદલાતા સમયની સાથે જ્વેલરીની ફેશન સતત બદલાતી રહે છે. તેમાં યુવાવર્ગની પસંદગી તથા સોનાનો ભાવ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તહેવારોની આગામી સિઝનમાં લાઈટ વેઈટ જ્વેલરી માટે જોરદાર ડિમાન્ડ પેદા થવાની શક્યતા છે. ગોલ્ડના ભાવ અત્યંત વધી ગયા હોવાથી લોકો પોતાના બજેટમાં સેટ થાય તે રીતે હળવા વજનની જ્વેલરી તરફ વળ્યા છે. જ્વેલર્સ એસોસિયેશનના માનવા પ્રમાણે દિવાળી સિઝનમાં કુલ વેચાણમાં લાઈટ જ્વેલરીનો હિસ્સો ૭૫થી ૮૦ ટકા રહેવાની શક્યતા છે, જ્યારે હેવી જ્વેલરીનો હિસ્સો માંડ ૨૦ ટકા રહેશે. કોવિડ અગાઉ ૩૦ ટકા વેચાણ હેવી જ્વેલરીનું હતું જેમાં હવે ૧૦ ટકાનો ઘટાડો થયો છે.

ગુજરાતમાં હેવી જ્વેલરીની ખરીદીમાં ગ્રામીણ વિસ્તાર વધારે આગળ હોય છે કારણ કે ત્યાં લગ્નસરા માટે ઘરેણાની ખરીદી થતી હોય છે. બીજી તરફ શહેરી વિસ્તારોમાં યુવાનો લગ્નમાં પણ લાઈટ વેઈટ જ્વેલરી પસંદ કરે છે. જ્વેલર્સ એસોસિયેશન, અમદાવાદના ભૂતપૂર્વ પ્રમુખે જણાવ્યું કે આગામી દિવાળી અને લગ્નની સિઝન માટે જ્વેલરીની ખરીદી શરૂ થઈ ગઈ છે. ૩૦થી ૨૫૦ ગ્રામની જ્વેલરીને હેવી જ્વેલરીમાં ગણવામાં આવે છે અને કુલ વેચાણમાં તેનો હિસ્સો ૨૦ ટકા રહી શકે છે જે અગાઉ ૩૦થી ૩૫ ટકા હતો. છેલ્લા ત્રણ વર્ષમાં સોનું મોંઘું થયું છે અને તેની અસર હેવી જ્વેલરીની ખરીદી પર પડી છે.

છેલ્લા કેટલાક વર્ષમાં શહેરી વિસ્તારોમાં લાઈટ વેઈટ જ્વેલરીની ડિમાન્ડ વધી છે. હેવી જ્વેલરીની માંગ માત્ર બ્રાઈડલ સેટ માટે જોવા મળે છે. માર્ચ ૨૦૨૦માં સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ રૂ. ૩૮,૦૦૦ હતો જે વધીને ઓગસ્ટમાં ૫૭,૦૦૦ પર પહોંચ્યો હતો અને હવે રૂ. ૫૩,૦૦૦ની આસપાસ ચાલે છે.

ગોલ્ડના ભાવ વધ્યા હોવાથી લોકો બજેટમાં સેટ થાય તે રીતે હળવા વજનની જ્વેલરી તરફ વળ્યા

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ પ્રમાણે છેલ્લા એક ક્વાર્ટરમાં સોનું મોંઘું થવાના કારણે સોનાની ડિમાન્ડમાં ૨૬ ટકાનો ઘટાડો થયો છે. જ્વેલરી માર્કેટ માને છે કે વેડિંગ સિઝનમાં પણ લોકો લાઈટ વેઈટ જ્વેલરી તરફ વળશે.

ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનના ડિરેક્ટર હર્ષ આચાર્ય માને છે કે, ×નવી પેઢીના લોકો ગોલ્ડના સિક્કા ખરીદે છે અથવા ડિજિટલી રોકાણ કરે છે. તેઓ લાઈટ જ્વેલરી વધારે પસંદ કરે છે.

રાજપીપલા ખાતે ઈતિહાસમાં પ્રથમવાર કાવડ યાત્રા કાઢવામાં આવી

રાજપીપળા,તા.૨૭

રાજપીપલા ખાતે આજે ઈતિહાસમાં પ્રથમવાર કાવડ યાત્રા કાઢવામાં આવી હતી.અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા હરિદ્વારથી ગંગાજળ લાવી રાજપીપલાના વૈદ્યનાથ મહાદેવ મંદિરે અભિષેક કરવામાં આવ્યો હતો.રાજપીપલા શહેરમાં અખિલ ભારતીય સંત સમિતિ અને હિન્દૂ ધર્મસેના ગુજરાત દ્વારા ઐતિહાસિક સમરસ કાવડ યાત્રા કાઢવામાં આવી હતી.કાવડ યાત્રા માટે હરિદ્વારથી ગંગાજળ લાવવામાં આવ્યું છે.ગુજરાતની ૧૮૨ વિધાનસભાના મુખ્ય મથકો પર આજે અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં લગભગ ૨૨૦ જેટલા મહાદેવ મંદિર પર આ કાવડ યાત્રા પહોંચશે અને શિવલિંગ પર અભિષેક પણ કરશે.ત્યારે આજે રાજપીપલા શહેરમાં પ્રથમવાર કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ યાત્રા રાજપીપલાના રાધા કૃષ્ણ મંદિર થી નીકળી હતી અને રાજપીપળાના રાજમાર્ગો પર ફરી હતી ત્યારબાદ રાજપીપળાના નવપરા ખાતે વૈદ્યનાથ મહાદેવ મંદિર ખાતે યાત્રાનું સમાપન કરી શિવલિગ પર અભિષેક કરવામાં આવ્યો હતો.આ યાત્રા અખિલ ભારતીય સંત સમિતિ નર્મદા જિલ્લાના પ્રમુખ સિધેશ્વર સ્વામીની અધ્યક્ષતામાં આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગ્રાહકને વ્યાજ સાથે ૨૦૦૦ રૂપિયા ચૂકવવા પડશે

DMartએ સામાન ભરવા આપેલી થેલીના રૂપિયા ૧૬ વસુલ્યા હતા

ગ્રાહકને મફતમાં થેલી આપવાના બદેલ રૂપિયા માગતા વળતર ચૂકવવા આદેશ : ડીમાર્ટને ફટકાર લગાવવામાં આવી

અમદાવાદ, તા.૨૭

ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ આયોગએ મોલ દ્વારા સામાન ઉચકવા માટેની થેલી માટે લીધેલા રૂપિયાને 'અનૈતિક' ગણાવીને ગ્રાહકના પક્ષમાં ચૂકાદો આપ્યો છે.

કન્ઝ્યુમર કોર્ટે આ મામલે ચૂકાદો સંભળાવતા ગ્રાહકને ૨૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવા માટે આદેશ કર્યો છે. શહેરના જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતા મહિલા વકીલે વર્ષ ૨૦૧૯માં વેજલપુરમાં આવેલા ડીમાર્ટમાંથી સેનિટરી પેડ અને આંતરવસ્ત્રો ખરીદ્યા હતા. તેમણે આ ખરીદી માટે રૂપિયા ૨૧૩ની ચૂકવણી કરી હતી, પરંતુ તેમની પાસે સામાન લઈ જવા માટે થેલી ના હોવાથી તેમણે થેલી માગી હતી. જોકે, તેમને અહીંથી મફતમાં થેલી આપવાનો ઈનકાર કરી દેવામાં આવ્યો હતો અને જે પછી તેમણે તેના માટે ૧૬ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી હતી.

વકીલને લાગ્યું કે તેમને બેગના રૂપિયા ચૂકવવા માટે ફરજ પાડવામાં આવી હતી, આ અંગે તેમણે ગ્રાહક તકરાર નિવારણ આયોગ અમદાવાદ (ગ્રામ્ય)માં આ મામલે ફરિયાદ કરી હતી, જેમાં તેમણે કેરી બેગ માટે રૂપિયા ચૂકવવા પડ્યા હોવાનું જણાવ્યું હતું. આ થેલી પણ એકદમ નબળી હોવાનું તેમણે જણાવ્યું હતું અને બેથી વધુ વખત તેનો ઉપયોગ શક્ય નહોતો. ડીમાર્ટે આ કેસની સુનાવણી દરમિયાન હાજરી આપી નહોતી, જે પછી જુલાઈ ૨૦૨૦માં એક પક્ષીય આદેશ આપી દેવામાં આવ્યો હતો.

આ બેગ માટે મોલ દ્વારા જેટલા રૂપિયા લેવામાં આવ્યા હતા તેને ૮ ટકાના વ્યાજ સાથે ચૂકવવા માટે કન્ઝ્યુમર કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે, ડીમાર્ટ દ્વારા જે રીતે થેલી માટે ચાર્જ લેવામાં આવ્યો તે અયોગ્ય ગણાવ્યો અને વકીલને તેનાથી જે માનસિક ત્રાસ પડ્યો અને તેમણે કેસ માટે રૂપિયા ખર્ચ્યા તેના માટે ૨૦૦૦ રૂપિયાની ચૂકવણી કરવા મોલને આદેશ કરવામાં આવ્યો છે.

આયોગે આ તર્કને ફગાવીને રાજ્યના આયોગ દ્વારા અગાઉના આદેશને યથાવત રાખવા માટે જણાવ્યું છે, જેમાં જણાવવામાં આવ્યું કે ડીમાર્ટ દ્વારા કેરીબેગ માટે રૂપિયા માગીને અનૈતિક અને અયોગ્ય વેપાર પ્રથા દર્શાવી હતી.

અપીલને નકારી કાઢતાં, આયોગની પેનલના વડા સભ્ય એમજે મહેતાની આગેવાની હેઠળ જણાવવામાં આવ્યું કે, અમે એ મતને પણ સમર્થન આપીએ છીએ કે અપીલકર્તા (ડીમાર્ટ) દ્વારા થેલી માટે રૂપિયાની માંગ કરાઈ જે અનૈતિક છે.

એલોન મસ્કે તેના પ્રોજેક્ટને લઈને જાહેરાત કરી

મસ્ક આ વર્ષના અંત સુધીમાં સ્ટારલિન્ક ફર લોન્ચ કરશે

ન્યુયોર્ક, તા.૨૭

એલોન મસ્કે પોતાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સ્ટારલિંકને લઈને નવી જાહેરાત કરી છે. મસ્કે ટ્વીટ કર્યું છે કે, આગામી વર્ષ સુધીમાં સ્ટારલિંક વીર લોન્ચ કરશે. તે સીધા મોબાઈલ ફોનને નેટવર્ક ઉપલબ્ધ કરાવશે. તેના દ્વારા આપણે વિશ્વના ડેડ ઝોનમાં પણ મોબાઈલ નોટવર્ક પહોંચાડી દઈશું. એટલે કે, વિશ્વના દરેક ખૂણે હવે મોબાઈલ નેટવર્ક પહોંચશે. મસ્કે પોતાના ટ્વીટમાં આગળ કહ્યું કે, અમે પ્રતિ સેલ ઝોન ૨થી ૪ એમબાઈટ્સની કનેક્ટિવટી ઉપલબ્ધ કરાવીશું. તે વોઈસ કોલ અને ટેક્સ્ટ મેસેજ માટે શાનદાર કામ કરશે પરંતુ તે હાઈ બેંડવિથ માટે નહીં હશે. ટી-મોબાઈલએ મસ્કના સ્પેસએક્ટ સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ સાથે પાર્ટનરશિપની જાહેરાત કરી છે. ટી-મોબાઈલએ કહ્યું કે, વિશ્વના મોબાઈલ ડેડ ઝોનથી આપણને ટૂંક સમયમાં છૂટકારો મળી જશે. સ્પેસ એક્ટના સ્ટારલિંક ઉપગ્રહ ઈન્ટરનેટ સાથે એક નવી ભાગીદારી માટે ધન્યવાદ. ટી-મોબાઈલના સીઈઓમાઈક સીવર્ટ અને એલોન મસ્ક દ્વારા આયોજિત એક કાયક્રમમાં ટી-મોબાઈલએ આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, મોબાઈલ ફોન સેટેલાઈટ સાથે કનેક્ટ થઈ શકશો અને ૨થી ૪ મોગાબાઈટ્સ પર સેકેન્ડ કનેક્શન સાથે તેઓ વિશ્વના કોઈ પણ ખૂણામાં કનેક્ટ થઈ શકશે. મસ્કના જણાવ્યા પ્રમાણે આગામી વર્ષે લોન્ચ થનારી બીજી પેઢીના સ્ટારલિંક ઉપગ્રહ ટી-મોબાઈલના મિડ-બેંડ પીસીએસ સ્પેક્ટ્રમના હિસ્સાનો ઉપયોગ કરીને સેવા પ્રસારિત કરવામાં સક્ષમ થશે. મસ્કે કહ્યું કે, નવા ઉપગ્રહોમાં મોટા ખૂબ જ મોટા એન્ટેના છે જે કનેક્શનને સક્ષમ બનાવી શકાશે. પોતાના આગામી સ્ટારશિપ રોકેટનો ઉપયોગ કરીને આ ઉપકરણને લોન્ચ કરવાની યોજના છે. કંપનીએ કહ્યું કે, જ્યાં તમારી પાસે કોઈ ટ્રેડિશનલ સર્વિસ ઉપલબ્ધ નહીં હશે ત્યાં પણ તમે આના મારફતે ટેક્સ્ટ મેસેજ, એમએમએસ મેસેજ મોકલી શકો છો. મસ્કે કહ્યું કે, જો સેલ ઝોનમાં વધુ લોકો નહીં હશે તો તમે નાનો વીડિયો પણ જોઈ શકશો.

જેરોમ પોવેલના ભાષણથી અમેરિકી અબજોપતિઓની સંપત્તિમાં ધોવાણ

વ્યોમિંગ, તા.૨૭

ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલે જેક્સન હોલ, વ્યોમિંગ ખાતે કેનસાસ સીટી ફેડના એન્યુઅલ પોલિસી ફોરમમાં ૮ મિનિટનું પ્રમુખ ભાષણ આપ્યું હતું. જેરોમ પોવેલના ભાષણથી સ્પષ્ટ થઈ ગયું કે, કેન્દ્રીય બેંક વ્યાજ દરોમાં વૃદ્ધિ યથાવત રાખશે. અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં વધારો કરવા માટે આક્રમક અભિયાન પર છે. જેક્સન હોલ ખાતે ગ્લોબલ મોનેટરી પોલિસી મેકર્સની સભામાં પોવેલે અમેરિકી કેન્દ્રીય બેંક ફુગાવો ઘટાડવા માટે થોડા સમય સુધી વ્યાજદરોમાં વધારો ચાલુ રાખશે તેમ જણાવ્યું હતું. બ્લૂમબર્ગના અહેવાલ પ્રમાણે પોવેલના માત્ર ૮ મિનિટના ભાષણના કારણે અમેરિકી અબજોપતિઓની સંપત્તિમાં ૭૮ બિલિયન ડોલરનું ધોવાણ થયું છે. વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિ અને ટેસ્લાના પ્રમુખ એલોન મસ્કની સંપત્તિમાં ૫.૫ બિલિયન ડોલરનો જ્યારે વિશ્વના બીજા નંબરના સૌથી ધનવાન શખ્સ જેફ બેઝોસની સંપત્તિમાં ૬.૮ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે.

ભુપેન્દ્ર ચુડાસમાએ શૂળપણેશ્વર મહાદેવની પૂજા કરી

રાજપીપળા,તા.૨૭

રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી અને ભાજપાના સિનિયર નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા નર્મદા જિલ્લાના કેવડીયા સ્થિત શૂલપાણેશ્વર મંદિર ખાતે શ્રવણ માસના અંતિમ દિવસે દર્શન અર્થે આવ્યા હતા. તેઓએ મહાદેવજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેઓએ આમ આદમી પાર્ટી દ્વારા આપવામાં આવતી લોભામણી જાહેરાતો અંગે તીખી પ્રતિક્રિયા આપી હતી.

ચૂંટણી ટાણે અશક્ય લોભામણી જાહેરાતો કરનારને ગુજરાતની પ્રજા ક્યારેય સ્વીકારશે નહીં. ભાજપાને ગુજરાતમાં પ્રજાના આશીર્વાદ ચોક્કસ મળશે અને ભાજપાનો જ ભવ્ય વિજય થશે એમ રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી અને ભાજપાના સિનિયર નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતું. તેઓ આજરોજ નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે શૂલપાણેશ્વર મહાદેવના દર્શન અર્થે આવ્યા હતા. તેઓએ પૂજન અર્ચન કર્યું હતું. તેઓ શૂલપાણેશ્વર મહાદેવમાં અનેરી આસ્થા ધરાવે છે અને સમયાંતરે તેઓ અહી પુજા અર્ચના કરવા આવે છે. તેઓએ જણાવ્યુ હતું કે જ્યારથી અમોએ પોલિટિકલ પાર્ટી તરીકે શરૂઆત કરી ત્યારથી પ્રજાએ જે જવાબદારી આપી છે તેમાં અમે તે નિભાવી છે. પ્રજાએ જે અમોને આપ્યું છે તેનું વળતર માળખાકીય સુવિધાઓના રૂપમાં આપ્યું છે. કેટલાક લોકો ચૂંટણી ટાણે સક્રિય થાય છે અને લોભામણા વચનો આપે છે.

અરજદાર તર્ફે વિ.વ.શ્રીઃ અક્ષય વી.શાહ ફિ.પ.અ.નં.2493 / 2022
મે.વડોદરાના જ્યુડી. મેજી.ફ.ક.(મ્યુનિ) સાહેબની કોર્ટમાં
અરજદારઃ આદેશકુમારી ચંદ્રસેન જૈન — સામાવાળાઃ જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/સબ રજીસ્ટ્રાર
રહે; ત્રીજો માળ, બળવંત બિલ્ડીંગ,ખારીવાવ રોડ,દાંડીયાબજાર,વડોદરા. વડોદરા મહા સેવા સદન,(આરોગ્ય શાખા)ફેવકાબાગ,વડોદરા
જાહેર નોટીસ આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, આ કામના અરજદાર ના નાની બહેન નામે "શોભાકુમારી ચંદ્રસેન જૈન(અપરણીત)"નું મરણ તા. 16 - 02- 2021 ના રોજ ત્રીજો માળ, બળવંત બિલ્ડીંગ, ખારીવાવ રોડ, વડોદરા, મુકામે થયેલ છે. તે અંગેની નોંધણી સામાવાળાના મરણ દફતરે કરાવવા માટે હાલની અરજ અત્રેની કોર્ટમાં ગુજારેલી છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે; સદર મરણ ની નોંધ સામે કોઇને વાંધો કે રજુઆત હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ ની અંદર અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહી તેઓના લેખીત વાંધા રજુ કરવા. મુદતની અંદર કોઇ લેખીત વાંધાઓ આવશે નહીં તો અરજદારની અરજમાં માંગ્યા મુજબ ની મરણ ની નોંધણી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેની નોંધ લેવી.
આજે તા.૨૪ માહે ઓગસ્ટ સને ૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(હસમુખ એમ.ગોસાઈ) તૈયાર કરનાર (પિયુષ એમ.ચાવડા) મુકાબલ કરનાર (આર.ડી.ખલાસ) સુપ્રિન્ટેન્ડન્ટ, મ્યુનિ.કોર્ટ, વડોદરા
કોર્ટનો સિક્કો

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજીત રકમ
૧	૫૧૧/૨૨-૨૩	સેન્ટ્રલ વર્કશોપ	૦૧	૯,૯૯,૧૬૫/-
૨	૫૧૨/૨૨-૨૩	પશ્ચિમ ઝોન	૦૭	૬,૯૦,૮૪૯ /-
૩	૫૧૩/૨૨-૨૩	સેન્ટ્રલ વર્કશોપ	૧૩	૫,૬૩,૩૦૧ /-
૪	૫૧૪/૨૨-૨૩	ડ્રેનેજ-વ.ગ.પ્રોજેક્ટ	૦૧	૩,૦૦,૦૦,૦૦૦ /-
૫	૫૧૫/૨૨-૨૩	ઇલે.મિકે.સુવેજ	૦૧	૧,૮૮,૧૨૭ /-
૬	૫૧૬/૨૨-૨૩	રોડ પ્રોજેક્ટ	૦૭	૧૦,૬૯,૬૨,૯૪૬ /-
૭	૫૧૭/૨૨-૨૩	પાણી પુરવઠા પ્રોજેક્ટ	૦૧	૫૯,૧૨,૦૫૯ /-

નોંધ: અનં. ૪, ૬ અને ૭ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.
ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજુર/નામંજુર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૫૧૮/૨૦૨૨-૨૩ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

એસ. ઈ. પાવર લિમિટેડ
CIN: L40106GJ2010PLC091880
રજી. ઓફિસ : સર્વે નં. ૫૪/બી, પ્રતાપનગર, જરોદ - સાવલી રોડ, સમલાયા, વડોદરા – ૩૯૧૫૨૦ (ગુજરાત)
ટેલીઃ ૯૧ ૨૬૬૭ ૨૫૧૫૬૬
ઇમેઈલઃ cs@sepower.in વેબસાઇટઃ www.sepower.in

૧૨ મી વાર્ષિક સામાન્ય સભા અંગેની માહિતી

કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમોનાં લાગુ પ્રાવધાનો અને સેબી (લિસ્ટિંગ જવાબદારીઓ અને ડિસ્ક્લોઝર જરૂરિયાતો) નિયમો, ૨૦૧૫, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ના તારીખ એપ્રિલ ૮, ૨૦૨૦, એપ્રિલ ૧૩, ૨૦૨૦, મે ૫, ૨૦૨૦ અને મે ૫, ૨૦૨૨ ના સર્ક્યુલર્સ (MCA સર્ક્યુલર્સ) અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા ૧૩ મે, ૨૦૨૨ના રોજ જારી કરવામાં આવેલા સર્ક્યુલર (સેબી સર્ક્યુલર) અને અન્ય લાગુ પરિપત્રો ની સાથે વંચાણે લેતાં આથી **નોટીસ આપવામાં આવે છે કે:**
૧. કંપનીની ૧૨મી વાર્ષિક સાધારણ સભા સોમવાર, તારીખ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ ('વીસી')/અન્ય ઓડિયો વિઝ્યુઅલ સાધનો ('ઓએવીએમ') મારફતે, સામાન્ય સ્થળે સભ્યોની સભ્યોની ભૌતિક હાજરી સિવાય ૧૨મી એજીએમની નોટિસમાં જણાવ્યા મુજબનો કારોબાર(બીઝનેસ) કરવા વીસી/ઓએવીએમ સુવિધા મારફતે ભાગ લેનારા સભ્યોની હાજરીમાં આયોજિત કરવામાં આવશે. કોરમ માટે કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે વીસી/ઓએવીએમ સુવિધા મારફતે ભાગ લેનારા સભ્યોને ગણતરીમાં લેવામાં આવશે.
૨. ઉપરોક્ત એમસીએ સર્ક્યુલર અને સેબીના પરિપત્રના સંદર્ભમાં, ૧૨મી એજીએમની નોટીસ અને ૧૨મા વાર્ષિક અહેવાલની નકલો ૨૬ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ કંપની/ડિપોઝીટરીઝ પાસે સભ્યો/લાભકારી માલિકો તરીકે નોંધાયેલા અને નોંધાયેલા અને જેમના ઇમેલ આઈડી કંપની/ડીપોઝીટરીઝ પાસે નોંધાયેલા છે તેવા શેરધારકોને માત્ર ઇમેઇલ દ્વારા જ મોકલવામાં આવશે. એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.sepower.in અને બંને રાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ www.bseindia.com અને https//www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.
૩. જે સભ્યો ફીઝીકલ રૂપમાં શેર ધરાવે છે અને જેમનું ઇમેઇલ સરનામું કંપનીમાં નોંધાયેલ નથી, તેઓ પોતાનું ઇમેઇલ સરનામું વિનંતી પત્રની સ્કેન કરેલી નકલ નામ, ફોલિયો નંબર અને સંપૂર્ણ સરનામું, પેન કાર્ડની સ્વયં પ્રમાણિત સ્કેન કરેલી નકલ અને કંપનીમાં નોંધાયેલા સભ્યના સરનામાના સમર્થનમાં આધારકાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, ચૂંટણી ઓળખકાર્ડ, પાસપોર્ટ જેવા કોઈ દસ્તાવેજની સ્વયં પ્રમાણિત, સ્કેન કરેલી નકલ સાથે કંપનીને cs@sepower.in અથવા આરટીએને ઇમેઇલ દ્વારા ramap@alankit.com પર મોકલીને નોંધણી કરાવી શકે છે. ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યો તેમના ઇમેઇલ સરનામાને તેમના ડિપોઝિટરી સહભાગી સહભાગી પાસે અપડેટ કરાવી શકે છે.
૪. ડી મેટ સ્વરૂપમાં અથવા ફિઝિકલ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યોને ૧૨મી એજીએમમાં ભાગ લેવાની અને ઠરાવો પર ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપવાની ૧૨મી એજીએમની નોટીસમાં દર્શાવ્યા મુજબ તક મળશે અને સભ્યોને ૧૨મી એજીએમમાં હાજરી આપવાની અને ઇ વોટીંગ કરવાની રીત એજીએમની નોટિસમાં આપવામાં આવી છે. ૧૨ મી એજીએમમાં ભાગ લેવા અને ઇલેક્ટ્રોનિક રીતે મત આપવા માટે લોગ ઇન અધિકાર પત્રો ઇમેઇલ દ્વારા સભ્યોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે સભ્યોને ઇમેઇલ ન મળે અથવા જેમના ઇમેઇલ કંપની / ડિપોઝિટરી સહભાગી સાથે નોંધાયેલા નથી તેઓ એજીએમની નોટીસમાં આપેલી સૂચનાઓને અનુસરીને લોગ ઇન ઓળખપત્રો બનાવી શકે છે.
બોર્ડ ઓફ ડાયરેક્ટરના હુકમથી એસ. ઈ. પાવર લિમિટેડ વતી
સહી/-
સૌરભ અગ્રવાલ (કંપની સેક્રેટરી)
તારીખઃ ૨૭.૦૮.૨૦૨૨